Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક
॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૬ ● સળંગ અંક : ૧૦૯૪ ● પ્રકાશિત તા-૧૨-૧૨-૨૦૨૫,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### જાણો આ વર્ષે કઈ થીમો જોવા મળશે

## જાન્યુઆરીમાં રિવરફ્રન્ટ પર ફલાવર શો-૨૦૨૬ નું આયોજન

અમદાવાદ : અમદાવાદમાં જાન્યુઆરી ૨૦૨૬ માં યોજાનાર ફલાવર શોની થીમ દેશ અને તેના ઈતિહાસને જોડતી હશે. ફલાવર શો ૨૦૨૬નું આયોજન ભારત એક ગાથા થીમ પર કરવામાં આવશે.શો માટે બનાવેલા ફૂલોના સ્કલ્પ્ચર આપણા ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરતા હોય તેવી રીતે ડિઝાઈન કરવામાં આવશે. ફલાવર શોમાં વિવિધ તહેવારોની ઝલક જોવા મળશે. જે ખાસ કરીને ભારત એક ગાથા થીમ પર રહેશે.



પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ ફલાવર શોનું આયોજન કરી રહ્યું છે. આ વર્ષે ભારત એક ગાથાની થીમ પર ફલાવર શોનું આયોજન કરવામાં આવશે. અલગ અલગ ઝોન રહેશે અને આ અલગ અલગ ઝોનની અંદર ભારતના ઉત્સવ, ભારતના નાટ્ય સંસ્કૃતિ, સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી, વિવિધ ભાષાઓના ઉત્સવ. કોમનવેલ્થ ગેમ્સ, અને દેશને લગતા સારા પ્રયાસોને આ ફલાવર શો ઉજાગર કરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા ફલાવર શોની તૈયારીઓ ચાલુ કરવામાં આવી છે.જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં આ ફલાવર શો ખુલ્લો મુકવામાં આવશે.


દર વર્ષે ફલાવર શોમાં ૧.૫ મિલિયન છોડ હોય છે, આમાં ભારતના વિવિધ રાજ્યો તેમ જ વિદેશથી લાવવામાં આવતા વિશેષ પ્રકારના ફૂલો અને છોડનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૫માં ૧૫ લાખ લોકોએ ફલાવર શોની મુલાકાત લીધી હતી અને આ વખતે પહેલીવાર લોકોને આ ઈસક્લપ્ચર દ્વારા ભારતના ગૌરવશાળી ઈતિહાસને જોવાનો મોકો મળશે. જેમાં ઓપરેશન સિંદૂર સહિતની મહત્વપૂર્ણ ઘટનાઓ અને દેશ અને ગુજરાતના મુખ્ય પ્રોજેક્ટ પણ રજૂ કરવામાં આવશે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

Click here to download our application for android
CELEBRATING 22 Years
MIRCHI NEWS
મિર્ચી ન્યૂઝ લઈને આવ્યું છે... મોબાઈલ એપ્લીકેશન
Android App on Google Play
એક કલીકે અનેક સમાચાર તમારા મોબાઈલ ઉપર...
આજે જ ડાઉનલોડ કરો મિર્ચી ન્યૂઝની મોબાઈલ એપ્લીકેશન
ડાઉનલોડ કરવા માટે
playstore માં search કરો
mirchi news
Download our free App
keeping you appy with just great NEWS & LOCAL UPDATES

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda ®





શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ
શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### અમદાવાદના અનેક બ્રિજ પર ચોંકાવનારી હકીકત

# સ્માર્ટ સિટીના દાવાઓ સામે અનેક બ્રિજોની સ્થિતિ ગંભીર...!!

## અમદાવાદના બ્રિજોની ખરાબ સ્થિતિ શહેરના સુરક્ષાને સીધો ખતરો છે. હવે જ્યારે હકિકત ખુલ્લી પડી છે, ત્યારે તંત્ર જવાબદાર પગલાં લે છે કે નહીં...

અમદાવાદ : શહેરના અતિ વ્યસ્ત અને સાબરમતી નદી પર બનેલા વર્ષો જૂના એવા સુભાષબ્રિજ પર તિરાડો દેખાતા તંત્ર દોડતું થઈ ગયું છે અને બ્રિજના નિરીક્ષણ અને રિપેરિંગ માટે બ્રિજ અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે. પરંતુ શહેરના અનેક બ્રિજો પરની હકિકત ચોંકાવનારી બહાર આવી રહી છે. શહેરની સફાઈ, સ્માર્ટ સિટી અને વિકાસના દાવાઓ વચ્ચે બ્રિજોની આવી સ્થિતિ ગંભીર ચિંતા ઊભી કરે છે.

જમાલપુરના સરદાર બ્રિજના જોઈન્ટ્સમાં ઠેર ઠેર ગાબડાં પડ્યાં છે અને ઘણી જગ્યાએથી લોખંડના સળિયા પણ બહાર દેખાઈ રહ્યા છે. બ્રિજના જોઈન્ટ્સમાં પડેલાં મોટા અને ઊંડા ગાબડાં અત્યંત ચિંતાજનક છે. આ બ્રિજ પરથી ટ્રક, ટ્રેલર સહિતના ભારે વાહનોની સતત અવરજવર રહે છે. જમાલપુર શાક માર્કેટ, ફૂલ બજાર અને ગીતા મંદિર તરફ જતા ભારે વાહનોનો ધસારો સતત રહેતો હોવાથી બ્રિજ પર ભારણ વધ્યું છે. જનતા માટે જોખમ સર્જતા આ તિરાડો તંત્રની નજરે કેમ નથી આવતી? શહેરવાસીઓ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે આવા જોખમી બ્રિજ પર ટ્રાફિક કેવી રીતે મંજૂર છે? આ ઉપરાંત કેડિલા બ્રિજને જોડતા સ્પાનમાં એવી મોટી ફાંટ દેખાઈ રહી છે કે સીધા નીચે રેલવેના પાટા નજરે પડે છે. છતાં તંત્ર “કાળા ચશ્મા” પહેર્યું હોય તેમ મૌન છે અને સ્થિતિને ગંભીરતાથી ન લેવાની ફરિયાદો વધી રહી છે.ગાંધી બ્રિજ પર છેલ્લા એક મહિનાથી સમારકામ ચાલી રહ્યું છે. પરંતુ સમારકામ કેટલું ટકાઉ હશે અને કેટલો સમય ટકી શકશે—તે પ્રશ્નો જનતાને સતાવી રહ્યા છે. અગાઉના સમારકામની ગુણવત્તા પર પણ અનેક સવાલો ઉઠ્યા હતા.

શહેરના પૂર્વ વિસ્તારમાં હાટકેશ્વર નજીક ભાઈપુરાનો ગુરુજી બ્રિજ છે. જ્યાં દોઢ બે મહિનાથી બ્રિજમાં કેટલોક ભાગ બેસી જતાં સળિયા દેખાવા લાગ્યા હતા. જેને માત્ર બે પ્લાસ્ટિકના બેરિકેટ લગાવી એટલો ભાગ વાહનોના અવરજવર માટે બંધ રાખ્યો હતો. જોકે હવે સુભાષબ્રિજની ઘટનાના કારણે ગુરુજી બ્રિજમાં ખુલ્લા સળિયા અને તિરાડો દેખાતા તંત્રે તરતજ બચાવરૂપ કામ કરી થીગડાં મારવાનું શરૂ કર્યું છે. પરંતુ લાંબા ગાળાનું સમાધાન ક્યારે થશે તે સ્પષ્ટ નથી.

આ ઉપરાંત સૌથી મોટો સવાલ એ છે કે શહેરના તમામ બ્રિજનો ઈન્સ્પેક્શન રિપોર્ટ પાંચ માસ પહેલાં જ તંત્રને મળી ગયો હતો. છતાં સમયસર પગલાં લેવામાં આવ્યા કેમ નહીં? શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના થાય તેની રાહ જોઈ રહ્યું છે?અમદાવાદના બ્રિજોની ખરાબ સ્થિતિ શહેરના સુરક્ષાને સીધો ખતરો છે. હવે જ્યારે હકિકત ખુલ્લી પડી છે, ત્યારે તંત્ર જવાબદાર પગલાં લે છે કે નહીં તે જોવું રહ્યું.

## આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસની ઉજવણી, નવાવાડજના વિધાર્થીનું સન્માન કરાયું



અમદાવાદ : તાજેતરમાં ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ ઉજવાયો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં એ.સી.બી.માં ઉત્તમ કામગીરી કરનારા ૧૦ જેટલા પોલીસકર્મીઓને અને ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવી લાંચખોરોને ઝબ્બે કરાવનારા ૪ હિંમતવાન નાગરિકોને સન્માનિત કરવામાં આવ્યા. સાથે જ વકતૃત્વ અને નિબંધ સ્પર્ધામાં વિજેતા ૧૨ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા.

પ્રાપ્ત વિગતો મુજબ, “આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ”ની ઉજવણી પ્રસંગે એ.સી.બી દ્વારા ગુજરાતની શાળાઓમાં આયોજિત નિબંધ સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા.જેમાં નવા વાડજમાં આવેલ લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હી.સ્.સ્કૂલના વિધાર્થી રોનક રામનરેશ પાંડેનું વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતિય નંબર આવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના તથા છઝ્મ ના ઓફીસરની ઉપસ્થિતિમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ACB દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહ દરમિયાન રાજ્યભરમાં નિબંધ-વકતૃત્વ સ્પર્ધા, શેરી નાટકો, મેરેથોન સહિતના જાગૃતિ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા, તેમજ હેલ્પલાઈન ૧૦૬૪ને વ્યાપક પ્રચારિત કરવામાં આવી. આ કાર્યક્રમમાં મુખ્ય સચિવ એમ કે દાસ, DGP ડો. કેએલએનરાવ, NFSU VC ડો. જે એમ વ્યાસ સહિત અનેક અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા.

## જુનાવાડજ ખાતે સર્વજ્ઞાતિ સમૂહ લગ્નમાં ૭ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યાં

અમદાવાદ : તાજેતરમાં શહેરના જુનાવાડજના સૌરાબજી કમ્પાઉન્ડ ખાતે વાડજ વાગડ ચોર્યાસી સમાજ દ્વારા સ્વર્ગસ્થ અરવિંદભાઈ રામજીભાઈ રાઠોડ (મામુ) પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાત નવ યુગલો એક સાથે લગ્નગ્રંથિ જોડાઈ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, જુના વાડજના સૂર્યલોક ટાવર પાસે આવેલ વાડજ વાગડ ચોર્યાસી સમાજ દ્વારા સ્વર્ગસ્થ



અરવિંદભાઈ રામજીભાઈ રાઠોડ (મામુ)ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સાત જેટલા નવયુગલોએ સંપૂર્ણ શાસ્ત્રોત વિધિ અનુસાર ગાયત્રી પરિવાર દ્વારા મંગળફેરા દ્વારા પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ પ્રસંગે નવ યુગલોને આશીર્વાદ આપવા રાજ્ય કક્ષા મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, નારણપુરાના ધારાસભ્ય જીતેન્દ્રભાઈ પટેલ, સાબરમતીના ધારાસભ્ય હર્ષદભાઈ પટેલ તથા સ્થાનિક કોર્પોરેટરો તેમજ બજરંગ દળના અધ્યક્ષ અશ્વિનભાઈ પટેલ તથા જવલીતભાઈ મહેતા તેમજ બીજા અન્ય મહાનુભાવોએ હાજર રહી નવયુગલોને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સમૂહ લગ્ન પ્રસંગે નવયુગલોને દાતાઓશ્રીના સહયોગથી ટીવી, પલંગ, તિજોરી અને સોફા સહિત ઘરવખરીની તમામ ચીજ વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.










NIRMAN REALTY
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777


## ગ્રાઉન્ડ રિપોર્ટ

# અમદાવાદમાં હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ બાદ નવા ફ્લેટોની કિંમતમાં ભારે ઉછાળો

### રીડેવલપમેન્ટ પછી જુના ફ્લેટની સરખામણીમાં નવા બનેલ ફ્લેટોની કિંમતોમાં ભારે વધારો થયો છે, જેનું કારણ આધુનિક સુવિધાઓ, વધુ FSI (ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ) અને માંગ-પુરવઠાનું અસંતુલન છે.જેના કારણે શહેરીજનોમાં રીડેવલપમેન્ટનો ક્રેઝ વધ્યો

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : અમદાવાદ શહેર, જે ગુજરાતનું આર્થિક કેન્દ્ર તરીકે ઓળખાય છે, તેમાં છેલ્લા કેટલીક વર્ષોમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ જોવા મળ્યો છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ (જીએચબી) દ્વારા વિકસિત જૂની સોસાયટીઓના રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સને કારણે શહેરની સ્કાયલાઈન બદલાઈ રહી છે. આ રીડેવલપમેન્ટ પછી જુના ફ્લેટની સરખામણીમાં નવા બનેલ ફ્લેટોની કિંમતોમાં ભારે વધારો થયો છે, જેનું કારણ આધુનિક સુવિધાઓ, વધુ FSI (ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ) અને માંગ-પુરવઠાનું અસંતુલન છે.જેના કારણે શહેરીજનોમાં રીડેવલપમેન્ટનો ક્રેઝ વધ્યો હોવાનું જાણકારો માની રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સમગ્ર રાજયમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની ૬૦ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે, જેમાં ફક્ત અમદાવાદમાં જ ૫૩ જેટલી સોસાયટીઓમાં રીડેવલપમેન્ટ માટે ટેન્ડરની પ્રક્રિયા પુરી કરી ડેવલપરની નિમણુંક કરવામાં આવી છે. જેમાં અમદાવાદમાં ૧૦ સોસાયટીઓમાં રીડેવલપમેન્ટમાં કન્સ્ટ્રકશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ ૧૦ સોસાયટીઓમાં રેરાની મંજુરી આવી જતા ડેવલપરોની દ્વારા મુળ લાભાર્થી સિવાય અન્ય નવા ફ્લેટોનું વેચાણ પણ શરૂ કર્યું છે.જેમાં સોસાયટીમાં જુના ફ્લેટની સરખામણીમાં નવા ફ્લેટોમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.

રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલ જાણકારો મુજબ, નારણપુરામાં મોટી સંખ્યામાં સોસાયટીઓ રીડેવલપમેન્ટમાં જોડાઈ રહી છે ત્યારે ડેવલપર્સ પણ નારણપુરા વિસ્તારમાં રસ દાખવી રહ્યા છે.કારણ કે રીડેવલપમેન્ટ બાદ નવા ફ્લેટની કિંમતોમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો જોવા મળી રહ્યા છે. જેમાં નારણપુરાની સૌથી પહેલી એકતા ફેસ્ટીવલમાં જુના ફ્લેટ ૩૦ થી ૪૦ લાખના એક ફ્લેટની સવા કરોડથી વધુ વેચાઈ રહ્યા છે.આ ઉપરાંત રામેશ્વર ફ્લેટમાં પણ ટુ બીએચકે જુના ફ્લેટ ૪૦ થી ૪૫ લાખના એક ફ્લેટની સામે નવા થ્રી બીએચકે ફ્લેટ સવા કરોડની આસપાસ વેચાઈ રહ્યા છે. ૧૩૨ ફુટ રીંગ રોડ પર નિધી એપાર્ટેન્ટ (વિષ્ણુધારા) પ્રોજેકટમાં જુના ફ્લેટ ૪૦ થી ૪૫ લાખના એક ફ્લેટની સામે નવા ફ્લેટ સવા કરોડ એટલે ૧.૨૦ કરોડમાં વેચાણ હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત નારણપુરામાં જ સુર્યા એપાર્ટમેન્ટ-૧ માં રીડેવલપમેન્ટ બાદ નવા ટુ બીએચકે ફ્લેટ ૬૦ લાખ વેચાણમાં હોવાનું જાણવા મળ્યું છે. સુર્યા એપાર્ટમેન્ટ-૩માં રીડેવલપમેન્ટ નવા ફ્લેટ ૧.૧૦ લાખમાં વેચાણમાં હોવાનું જાણવા મળ્યું છે. ૧૩૨ ફુટ રીગ રોડ પર પ્રગતિનગર પાસે પત્રકાર હાઈટ્સ ટુ બીએચકે ફ્લેટ ૫૫ થી ૬૦ લાખમાં વેચાણમાં હોવાનું જાણવા મળ્યું છે.શાસ્ત્રીનગર એમ-૫ બ્લાકના રીડેવલપમેન્ટ બાદ જુના ફ્લેટની સામે નવા ફ્લેટની કિંમતમાં પણ ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. નવા વાડજમાં કિરણપાર્ક સોસાયટીમાં રીડેવલપમેન્ટ બાદ ટુ બીએચકે ૫૦ થી ૫૫ લાખ અને થ્રી બીએચકે ૮૫ થી ૯૦ લાખમાં વેચાણમાં હોવાનું જાણવા મળ્યું છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં હાઉસિંગ બોર્ડમાં એકતા એપાર્ટમેન્ટમાં રીડેવલપમેન્ટ બાદ જુના ફ્લેટની સરખામણીમાં નવા ફ્લેટ ૧૫ લાખ જેટલી થવા પામી છે, ઉપરાંત શિવશક્તિ ફ્લેટમાં પણ રીડેવલપેન્ટ બાદ નવા ફ્લેટની કિંમત ૨૦ લાખ જેટલી થવા પામી છે. આમ જર્જરિત બાંધકામ, પાર્કિંગ, ગટર સહિતની સમસ્યાઓ સાથે કિંમતોમાં ભારે ઉછાળાને કારણે હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં રીડેવલપમેન્ટને લઈને ખાસ્સી એવી જાગૃતિ આવી છે. હાઉસિંગ બોર્ડની મોટાભાગની સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે.

# અમદાવાદને ભૂકંપીય રીતે વધુ જોખમી કેટેગરીમાં મુકાયું, નવા ઘર થશે ૨૫ ટકા મોંઘા

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : રાજયમાં છેલ્લા થોડા દિવસોથી ફરી ભૂકંપના આચંકા શરૂ થયા છે. કચ્છના ધોળાવીરા નજીક બુધવારે મધ્યરાત્રીના અઢી વાગ્યાના અરસામાં ધરતીકંપના શક્તિશાળી આંચકાથી કડકડતી ઠંડી વચ્ચે નિંદ્રાધીન લોકોમાં ભયનું લખલખું પ્રસરી ઉઠ્યું હતું.

આ દરમિયાન ભારત સરકારના બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ તાજેતરમાં દેશભરના રાજ્યોના ભૂકંપીય ઝોનિંગમાં મોટો ફેરફાર જાહેર કર્યો છે, જેના કારણે અમદાવાદ શહેરને ઉચ્ચ ભૂકંપ જોખમ કેટેગરીમાં મૂકવામાં આવ્યું હતું. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ શહેરના સિસ્મિક ઝોનને ઝોન III થી ઝોન IV માં અપગ્રેડ કરવામાં આવ્યો છે. આ ફેરફાર મે ૨૦૨૬ પછી મંજૂર થનારી તમામ નવી ઈમારતોની માળખાકીય ડિઝાઈનને અસર કરશે. સૂત્રોના જણાવ્યા



અનુસાર, નવા વર્ગીકરણો ૩ મે, ૨૦૨૬ થી અમલમાં આવશે. સ્ટ્રક્ચરલ એન્જિનિયરોને હવે ઈમારતોને વધુ મજબૂત ધરતીકંપના દળોનો સામનો કરવા માટે ડિઝાઈન કરવી પડશે, જેનાથી બાંધકામ સામગ્રીનો ઉપયોગ વધશે. આનાથી અમદાવાદમાં નવી મિલકતોના ભાવોમાં ૨૫ થી ૨૫ ટકા જેટલો વધારો થઈ શકે છે.

શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ અમદાવાદને "ભૂકંપ સંવેદનશીલ" શહેર તરીકે ગણાવ્યું હતું. વર્ષ ૨૦૦૧ માં આવેલા વિનાશક ભૂકંપમાં શહેરમાં ૯૦૦થી વધુ લોકોના જીવ ગયા હતા અને અનેક ઈમારતો ધરાશાયી થઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે, BIS દ્વારા ભૂકંપીય ઝોન જાહેર કરાયા મુજબ AMC નવી ઈમારતો માટે બાંધકામ યોજનાઓને મંજૂરી આપે છે. હાલમાં, ડિઝાઈન ઝોન III પર આધારિત છે. જોકે, BIS એ નવેમ્બર ૨૦૨૫માં ભૂકંપીય ઝોન સુધાર્યા પછી અમદાવાદને ઝોન IV માં મૂકવામાં આવ્યું છે. આનાથી નવી ઈમારતોની સ્ટ્રક્ચરલ ડિઝાઈનમાં સીધી અસર થશે. સૂત્રોએ જણાવ્યું કે, અમદાવાદ હવે સિસ્મિક ઝોન IV માં ખસેડાયું હોવાથી, આગામી તમામ પ્રોજેક્ટ્સની માળખાકીય ડિઝાઈન સુધારવી પડશે. વધુ રિઈન્ફોર્સમેન્ટ અને મજબૂત ઘટકો જરૂરી બનશે. સામગ્રીના વપરાશમાં વધારો થતાં, નવા બાંધકામ ખર્ચમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો થશે.


Digital India
Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC
e-Governance Services India Limited
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ

### કોમનવેલ્થ પહેલા કકળાટ

# ગુજરાતની ૮૦ ટકા સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં સ્પોર્ટ્સ ટીચર જ નથી

## મેદાન હોય ત્યાં શિક્ષક નથી અને શિક્ષક હોય ત્યાં મેદાન નથી

અમદાવાદ: એક તરફ અમદાવાદમાં ૨૦30માં કોમનવેલ્થ યોજવાની મંજૂરી મળતા સૌ ગુજરાતીઓમાં હરખની હેલી પ્રસરી છે. અમદાવાદમાં કોમનવેલ્થ તો યોજાશે પણ શું તેમાં ગુજરાતના ખેલાડીઓ હશે ખરા? આ સવાલ હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. કારણ કે, ૨૦૦૯થી ગુજરાતની ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓમાં સ્પોર્ટ્સ ટીચરની ભરતી થતી નથી હોવાનો આક્ષેપ શાળા સંચાલક મંડળે કર્યો છે અને રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ ૮૦ ટકા શાળાઓમાં હાલ એક પણ સ્પોર્ટ્સ ટીચર નથી. ત્યારે કોમનવેલ્થ અને ઓલમ્પિક માટે ગુજરાતમાંથી ખેલાડીઓ તૈયાર કરવા વ્યાયામના શિક્ષકોની ભરતીની માગ ઊઠી છે.

મીડિયા રિપોર્ટ મુજબ, રાજ્યના શાળા સંચાલક મંડળના ભાસ્કર પટેલે આ મામલે જણાવ્યું છે કે, અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ યોજાય તે ગૌરવ લેવા જેવી બાબત છે. પણ સાથે સાથે એ પણ હકીકત છે કે ૮૦ ટકા સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં વ્યાયામના ટીચર જ નથી. પહેલા ગુજરાતમાં દરેક સ્કૂલમાં એક વ્યાયામના શિક્ષક ફરજિયાત લેવામાં આવતા હતા. દરેક વર્ગમાં ચાર તાસ અને આખી સ્કૂલમાં બે ક્લાસ દર શનિવારે સામૂહિક કવાયતના મળતા એટલે ૬ તાસ મળતા હતા. ૨૦૦૯થી ગુજરાતની ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓમાં સ્પોર્ટ્સ ટીચરની ભરતી થતી નથી. પહેલા સીપીએડ થયેલો ગેમ્સ ટીચર લેવાતા હતા પછી ડીપીએડ લેવાતા હતા હવે બીપીએડ અને એમપીએડ થઈ ગયા આટલી બધી સારી લાયકાતવાળા શિક્ષકો હોવા છતાં સરકાર આ શિક્ષકો લેતી નથી. કોમનવેલ્થ ગેમ્સ આવવાની છે આવી બધી રમતોમાં નિર્ણાયકો જોઈશે ભવિષ્યમાં ઓલમ્પિક આવવાની છે એમાં પણ નિર્ણાયકો જોઈશે. જો ગેમ્સ ટીચર જ નહીં હોય તો નિર્ણાયકો આ રમતોમાં કેવી રીતે આપી શકીશું.

આ સાથે તેમણે જણાવ્યુ છે કે, ગેમ્સ અહીંયા થશે બહારના ખેલાડીઓ અહીં રમવા આવશે પણ ગુજરાતના છોકરાઓ જ તેમાં ભાગ નહીં લઈ શકે કારણ કે સ્પોર્ટ્સ ટીચર જ નથી. આવા કેસમાં સ્પોર્ટ્સ ટીચર આપવા મુખ્યમંત્રીને રજૂઆત ભલે બે સ્કૂલ વચ્ચે અને પાર્ટ ટાઈમ આપે તેવી માગ છે આજની તારીખમાં ૭૬૦૦ ગ્રાન્ટેડ શાળાઓ છે તેમાં માંડ ૨૦ ટકા શાળાઓમાં સ્પોર્ટ્સ ટીચર છે ૮૦ ટકા શાળાઓમાં સ્પોર્ટ્સ ટીચર હતા જે રીટાયર્ડ થઈ ગયા, ગુજરી ગયા કે રાજીનામું આપી પરદેશ ચાલી ગયા માત્ર ૨૦ ટકા શાળાઓમાં સ્પોર્ટ્સ ટીચર છે આ એવી શાળાઓ છે જ્યાં મેદાન જ નથી જ્યાં સ્પોર્ટ્સ ટીચર છે ત્યાં મેદાન નથી જ્યાં મેદાન છે ત્યાં સ્પોર્ટ્સ ટીચર નથી. ત્યારે કોમનવેલ્થ અને ઓલમ્પિક માટે ગુજરાતમાંથી ખેલાડીઓ તૈયાર કરવા વ્યાયામના શિક્ષકોની ભરતીની માંગ ઊઠી છે.

### અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં પોલીસની સતત વોચ


# થર્ટી ફસ્ટ અગાઉ બુટલેગરો સક્રિય : ત્રણ દિવસમાં ૨.૪૭ કરોડ દારૂનો જથ્થો ઝડપાયો

અમદાવાદ : થર્ટી ફસ્ટને લઈને બુટલેગરો ગુજરાતમાં દારૂ ઘૂસાડવા એક્ટિવ થયા છે. બીજી તરફ પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને વોચ રાખવામાં આવી રહી છે તેને લઈને નવા વર્ષની ઉજવણી પહેલાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ત્રણ દિવસમાં પોલીસે રૂ.૨.૪૭ કરોડની કુલ ૨૪૮૮૫ વિદેશી દારૂની બોટલો ઝડપી પાડી છે. તેમજ પોલીસે ૩.૭૧ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે. થર્ટી ફસ્ટને હવે ગણતરી બાકી છે ત્યારે બુટલેગરો ગુજરાતમાં દારૂ ઘૂસાડવા અવનવા કીમિયા અજમાવી રહ્યા છે. બીજી બાજુ પોલીસ પણ રાજ્યમાં બુટલેગરો પર વોચ રાખીને બેઠી છે અને ગુજરાતમાં દારૂની ખેપ ન વાગે તેની તકેદારી રાખી રહી છે. ત્યારે વિવેકાનંદ પોલીસને બાતમી મળી હતી કે, બડોદરા ગામમાં ઓએનજીસી વેલની સામે ફિરોઝખાન બેલીમનું ફર્મ આવેલ છે તે ઘરડાઘર તરીકે ઓળખાય છે. તેમાં ફિરોઝખાને બહારથી કન્ટેનર મંગાવી વિદેશી દારૂનું કટિંગ કરાવનાર છે ત્યારે પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને દરોડો પાડતા બંધ બોડીના કન્ટેનર અને એક કારમાંથી પોલીસે રૂ.૩૭.૪૧ લાખની ૭૧૦૮ વિદેશી દારૂની બોટલો પકડી પાડી હતી જેથી પોલીસે કુલ રૂ.૧.૩૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગ્રામ્ય એલસબીએ બાતમીના આધારે વિરમ ટાઉનમાં પોપટ ચોકડી પાસેથી રૂ.૭.૬૮ લાખના ૨૨૨૫ વિદેશી દારૂની બોટલ સાથે એક સગીર અને શાંતિભાઈ રબારીને ઝડપ્યા હતા. તેમજ વટામણ બગોદરા હાઈવે પરથી દારૂ ભરેલ ટેન્કર ઝડપી પાડયું હતું જેમાં પોલીસે રૂ.૨.૦૨ કરોડની ૧૫૫૫૨ વિદેશી દારૂની બોટલ સાથે કુલ રૂ.૨.૨૭ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો તેમજ મુલારામ જાટની ધરપકડ કરી હતી.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.